# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩૬ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૯, રવિવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આતંકવાદ સામે લડવા તમામ પક્ષો તૈયાર

## સમગ્ર વિપક્ષ સેના અને સરકારની સાથે હોવાની કોંગ્રેસની ખાતરી : સરહદ પારથી સમર્પિત ત્રાસવાદીઓને કેટલાક લોકોનો ટેકો હોવાની કબુલાત કરાઈ



નવી દિલ્હી, તા.૧૬

પુલવામામાં ભીષણ આતંકવાદી હુમલા બાદ લોકોમાં પાકિસ્તાન સામે બદલો લેવાની માંગ વચ્ચે આજે ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં આ હુમલાના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. મિટીંગ બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે કહ્યું હતું કે આ મામલામાં સેના અને સરકારની સાથે સંપૂર્ણ વિપક્ષ મજબૂતી સાથે છે. બીજી બાજુ બેઠકમાં માહિતી આપતા સંસદીય બાબતોના મંત્રી નરેન્દ્ર તોમરે કહ્યું હતું કે કાશ્મીરની પ્રજા રાજ્યમાં શાંતિ ઈચ્છે છે. તે દેશની સાથે ઉભી છે. રાજ્યમાં કેટલાક એવા તત્વો છે જે સરહદ પારથી સમર્થિત ત્રાસવાદીઓને મદદ કરી રહ્યા છે. આ લોકો કાશ્મીરના દુશ્મન છે. તેઓ કાશ્મીરમાં શાંતિ ઈચ્છતા નથી. દેશ આતંકની સામે નિર્ણાયક જંગ ખેલાડી રહ્યો છે ત્યારે આ પ્રકારના લોકોને શોધી કાઢીને સજા કરવાનો સમય છે. જવાનોના બલિદાનને વ્યર્થ જવા દેવામાં આવશે નહીં. તોમરે કહ્યું હતું કે બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે અમે એકમત થઈને આતંકવાદને ઉખાડી ફેંકીશું. રાજનાથસિંહે તમામ પક્ષોના નેતાઓને આભાર માન્યો હતો. તમામ પક્ષોના નેતાઓએ મૌન પાળીને શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસના નેતા આઝાદે કહ્યું હતું કે અમે દેશની અખંડતા અને એકતા માટે સરકારની સાથે ઉભા છીએ. કાશ્મીર હોય કે દેશમાં અન્ય કોઈપણ વિસ્તાર હોય કોંગ્રેસ પાર્ટી આતંકવાદની સામેની લડાઈમાં સરકારને પૂર્ણ સમર્થન આપે છે. આઝાદે કહ્યું હતું કે તેઓએ ગૃહમંત્રીને એવી અપીલ કરી છે કે તેઓ વડાપ્રધાનને અમારી તરફથી એવું નિવેદન કરે કે તમામ રાષ્ટ્રીય અને ક્ષેત્રીય પક્ષોના અધ્યક્ષોની મિટીંગ બોલાવીને ચર્ચા વિચારણા કરે. બીજા પક્ષોને પણ વિશ્વાસમાં લેવામાં આવે તે જરૂરી છે. આ બેઠકમાં કેટલાક પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યા હતા. જે પ્રસ્તાવ પસાર કરાયા હતા તેમાં શહીદ જવાનોના પરિવારના સભ્યોને શ્રદ્ધાંજલિનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તાવમાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી છે. જેમાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. પ્રસ્તાવમાં

● અનુસંધાન પાના - ૭ પર

### દેશ ગુસ્સામાં છે, પીએમ તમામ પાર્ટી ચીફ સાથે વાત કરે : ગુલામનબી આઝાદ

બેઠક પછી ગુલામ નબી આઝાદે જણાવ્યુ કે, ''અમે ગૃહમંત્રીને આગ્રહ કર્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તમામ રાષ્ટ્રીય અને ક્ષેત્રીય પાર્ટીઓના અધ્યક્ષોની બેઠક બોલાવે અને સાથે જ વિચાર કરવો જોઈએ. અમારી આ માંગને બાકીની પાર્ટીઓએ પણ સમર્થન આપ્યુ.'' ગુલામ નબીએ આગળ જણાવ્યુ કે, ''પૂરી કોંગ્રેસ પાર્ટી આતંકવાદને ખાત્મા કરવા માટે મજબૂતીની સાથે જવાનોની જોડે ઉભી છે.''

## પોખરણમાં એરફોર્સનું વાયુ શક્તિ પ્રદર્શન

પોખરણ, તા.૧૬

પુલવામામાં આતંકવાદી હુમલા બાદ હાલમાં પોખરણ ખાતે ભારતીય હવાઈ દળ દ્વારા વાયુ શક્તિ ૨૦૧૯ પ્રદર્શન ચાલી રહ્યું છે. હવાઈ દળના શક્તિ પ્રદર્શનથી પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી રહી છે. પાકિસ્તાનની સરહદ નજીક જ વાયુ શક્તિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં યુદ્ધ વિમાનો મોટાપાયે ભાગ લઈ રહ્યા છે. એકબાજુ દેશમાં પાકિસ્તાન સામે પુલવામા હુમલા બાદ કાર્યવાહી કરવા જોરદાર માંગ ઉઠી રહી છે ત્યારે એરફોર્સની શક્તિના પ્રદર્શન માટે આયોજિત આ કવાયત અનેક સંકેત આપી રહી છે. ૮૧ ફાઈટર જેટ સહિત આશરે ૧૩૭ વિમાનો આ કવાયતમાં પોતાના પરાક્રમો દર્શાવી રહ્યા છે. એરફોર્સના સૌથી મોટા શક્તિ પ્રદર્શન તરીકે આને જોવામાં આવે છે. વાયુ શક્તિ ત્રણ વર્ષમાં એક વખત

● અનુસંધાન પાના - ૭ પર

# પૂર્ણ રાજકીય સન્માન સાથે શહીદોના અંતિમ સંસ્કાર





નવી દિલ્હી,તા. ૧૬

જમ્મુ કાશ્મીરમાં પુલવામાં ખાતે કરવામાં આવેલા ભીષણ આત્મઘાતી ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ જવાનો આજે તેમની અંતિમ સફર પર નિકળ્યા હતા. તેમની અંતિમ યાત્રામાં લોકો ઉમટી પડ્યા હતા. તેમને શ્રદ્ધાંજલિ આપવામાં લોકો જોડાયા હતા. હજારો લોકો અંતિમ યાત્રા વેળા માર્ગની બંને બાજુએ ઉપસ્થિત રહ્યા હતા અને તિરંગા ધ્વજ સાથે આવ્યા હતા. રાજસ્થાનના પાંચ સીઆરપીએફ જવાનો આ હુમલામાં શહીદ થયા હતા. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના વતન ગામોમાં કરાયા હતા. અંતિમ સંસ્કાર વેળા ભારત માતા કી જય, વંદે માતરમ, પાકિસ્તાન મુર્દાબાદ જેવા નારા ગુંજી ઉઠ્યા હતા. દિલ્હીથી તમામ શહીદ જવાનોના પાર્થિવ શરીર તેમના વતન ગામ પહોંચ્યા ત્યારે તેમના પરિવારના સભ્યો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. જયપુર જિલ્લાથી રોહિતાસ લાંબા, રાજસમન જિલ્લાના નારાયણલાલ ગુર્જર, ભરતપુર જિલ્લાના જીતરામ, ધોલપુર જિલ્લાના ભાગીરથસિંહ અને કોટાના હેમરાજ મીણાના મૃતદેહ આજે તેમના વતનમાં પહોંચ્યા હતા. ત્યારબાદ તેમની અંતિમયાત્રા યોજવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં પણ શહીદ જવાનોના પાર્થિક શરીર તેમના આવાસ પર પહોંચ્યા હતા અને મોડેથી તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. સંપૂર્ણ રાજકીય

● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### પાક. સીમા પર ગોળીબાર

જમ્મુ-કાશ્મીરના રાજૌરીના નૌસેરામાં આઈઈડી બ્લાસ્ટ બાદ એલઓસી પર પાકિસ્તાને ગોળીબાર શરૂ કરી દીધો છે. ભારતીય સેના આ ફાયરીંગનો જડબાતોડ જવાબ આપી રહી છે. આઈઈડી બ્લાસ્ટમાં એક મેજર શહીદ થયા હતા જ્યારે બે જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

### વાડરાના જામીન મંજૂર

મની લોન્ડ્રીંગ મામલે ઈડીની તપાસમાં ઘેરાયેલા રોબર્ટ વાડરાને કોર્ટમાંથી રાહત મળી છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે તેમના વચગાળાના જામીન ૨ માર્ચ સુધી વધારી દીધા છે. ઈડી જ્યારે પણ વાડરાને બોલાવે ત્યારે હાજર થવાની શરતે જામીન મંજૂર કર્યા છે.

### શહીદોના પરિવારોને અમિતાભ બચ્ચન પાંચ-પાંચ લાખ આપશે

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને પુલવામાના આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવારજનોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાનું એલાન કર્યુ છે. પુલવામાના હુમલામાં શહીદ થયેલા જવાનોની સંખ્યા વધીને ૪૯ થઈ ગઈ છે.

# દરેક આંસુના હિસાબ તો લેવાશે જ : મોદી



ધુલે,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના ધુલેમાં આયોજિત જનસભામાં પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારતની નીતિ એવી રહી છે કે તે કોઈને છેડવામાં માનતો નથી પરંતુ જો તેની સાથે ચેડાં કરવામાં આવે તો તે કોઈને પણ છોડતો નથી. મોદીએ પોતાના સંબોધનમાં ચેતવણી આપતા કહ્યું હતું કે દરેક હુમલાખોરોને બોધપાઠ ભણાવવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે આજે તેઓ એવા સમયે તેમની વચ્ચે આવ્યા છે જ્યારે પુલવામામાં જવાનો ઉપર હુમલા બાદ દેશમાં આક્રોશ છે. એકબાજુ દેશમાં આક્રોશ છે. બીજી બાજુ આંખો ભીની છે. એક દેશના લોકોના માટે હાલનો સમય સાથે રહેવાનો છે. આ સંયમનો સમય છે. સંવેદનશીલતાનો સમય છે. શોકનો સમય છે પરંતુ તેઓ દરેક પરિવારને અને ભારતના લોકોને ખાતરી આપવા માંગે છે કે દરેક આંસુના જવાબ લેવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે ભારત નવી નીતિ અને નવી નીતિ સાથે સંબંધિત દેશ છે. હવે દુનિયા પણ આનો અનુભવ કરશે. ભારત હવે આક્રમક મુદ્દા સાથે આગળ વધશે. સુરક્ષા જવાનો કોઈપણ બંદુક ચલાવનાર, બંદુક ઉપાડનાર, બોમ્બ ઝીંકનાર, બોમ્બ આપનારને ઉંઘવા દેશે નહીં. તેમને યોગ્ય રીતે બોધપાઠ ભણાવાશે. મોદીએ કહ્યું હતું કે અમારા જવાનોએ અદભૂત પરાક્રમનો પરિચય આપ્યો છે. નિસ્વાર્થભાવથી સેવા આપી છે. એકબાજુ દેશમાં નારાજગી છે. બીજી બાજુ આંખો ભીની છે. મહારાષ્ટ્રે પણ આ હુમલામાં પોતાના સપૂતોને ગુમાવ્યા છે. શુરવીર સપુતો અને તેમને જન્મ આપનાર દરેક માતાને તેઓ નમન કરે છે. અત્રે ઉલ્લેખનિય છે કે ગુરૂવારના દિવસે પલવામામાં સીઆરપીએફના કાફલાની એક બસને ટાર્ગેટ બનાવીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. હુમલાના જવાબદારી જમ્મુ-કાશ્મીરના સક્રિય જૈશે મોહંમદ સંગઠને સ્વીકારી લીધી છે. તેના લીડર મસુદ અઝહર હાલમાં પાકિસ્તાનમાં છુપાયેલો હોવાની બાબત સપાટી પર આવતી રહી છે. પાકિસ્તાનમાં મસુદ અઝહર ખુલ્લી રીતે ફરી રહ્યો છે. મસુદને ૨૪મી ડિસેમ્બર ૧૯૯૯ના દિવસે કંદહાર વિમાન અપહરણ કાંડ બાદ ભારતે મુક્ત કર્યો હતો.

## જમ્મુમાં સતત બીજા દિવસે પણ કરફ્યુ

જમ્મુ,તા. ૧૬

પુલવામામાં ત્રાસવાદી હુમલા બાદ જોરદાર વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આજે બીજા દિવસે પણ સંચારબંધી અકબંધ રાખવાં આવી હતી. મોબાઈલ ઈન્ટરનેટ સેવાને પણ બંધ રાખવામાં આવી છે. ભારતીય સેનાએ સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજીને સ્થિતિને હળવી કરવાના પ્રયાસ કર્યા હતા. વહીવટી અધિકારીઓએ કહ્યું છે કે જમ્મુ યુનિવર્સિટીએ આજે યોજાનારી પરીક્ષાઓને મોકુફ કરી દીધી હતી. હવે આ પરીક્ષાઓ આગામી દિવસોમાં યોજાશે. જમ્મુ-સાંબા કથુઆ રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ વિનોદ ગુપ્તાએ કહ્યું હતું કે જમ્મુ ક્ષેત્રમાં સંચારબંધી લાગુ કરવાં આવી છે. હજુ સુધી કોઈપણ અનિચ્છનિય ઘટના બની નથી.
















### શહીદો કી શહાદત કો વંદન
### 'શ્રદ્ધાંજલિ કાર્યક્રમ'

પુલવામમાં CRPFના જવાનો પરના આંતકી હુમલામાં શહીદી વ્હોરનાર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમાં ગાંધીનગરની જાહેર જનતા તેમજ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓને ઉપસ્થિત રહેવા જાહેર અપીલ છે.

સ્થળ : ઉમા સમાજ ભવન, બેઝમેન્ટ, સેક્ટર-૧૨, ગાંધીનગર
તારીખ : ૧૭/૨/૨૦૧૯, રવિવાર ● સમય : સાંજે ૭.૦૦ કલાકે

: આયોજક :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર